ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૬-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

# અડવાણીનું રાજીનામું ભાજપને ભારે પડશે...!

સોમવારની બપોરે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું આપતો પત્ર રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહને સુપ્રત કરતાં ભાજપના તમામ સ્થળો પર ભૂકંપ સર્જાયો હતો. ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે નરેન્દ્ર મોદીની વરણીના પગલે ભાજપમાં પ્રવર્તતી જૂથબંધી સપાટી પર આવી ગઈ હતી. લાલકૃષ્ણ અડવાણીએ પોતાના રાજીનામાના પત્રમાં પક્ષ વિચારધારા કરતા વ્યક્તિ પૂજામાં વધુ પડતો આગળ વધતો જાય છે. તેવો માર્મિક આક્ષેપ કરી પોતાને કામ કરવાની અશક્તિ જાહેર કરી હતી. આનો સીધો અર્થ નીકળી શકે એમ છે કે પક્ષમાં વધતી જતી વ્યક્તિ ભક્તિ સામે લાલકૃષ્ણ અડવાણીની નારાજગી સ્પષ્ટ રીતે બહાર આવી છે. ત્રણ દિવસ ગોવા ખાતેની રાષ્ટ્રીય કારોબારીમાં ગેરહાજર રહી પોતાની નારાજગી તો વ્યક્ત કરી હતી. આમ છતાં સંઘ અને પક્ષના કેટલાક વર્ગે અડવાણીની વાતને ધ્યાને લીધા વિના પ્રચાર સમિતિનો નિર્ણય જાહેર કરાયો. સાથે સાથે પ્રધાનમંત્રી પદની દાવેદારી માટે પણ નરેન્દ્ર મોદીનું નામ જાહેર કરવાનો રાષ્ટ્રીય પ્રમુખ પર જે પ્રકારે દબાણ કરાયું તેની સામે અડવાણીને વાધો પડ્યો હોય એવું પ્રાથમિક રીતે લાગે છે. જે વ્યક્તિએ જીવનના છ દાયકા સંઘ, જનસંઘ અને ભાજપ સાથે પ્રસાર કર્યા હોય. જીવન સમર્પિત કર્યું છે. ત્યારે તેમને તેમની ઉપેક્ષાનું દર્દ સ્વાભાવિક છે. વ્યક્તિ ભક્તિની વધતી જતી પરંપરાને તેઓ પક્ષ માટે નુકસાનકારક ગણાવે છે. પ્રચાર સમિતિના પ્રમુખ એ કોઈપણ રાજકીય પક્ષ માટે વ્યવસ્થાનો એક ભાગ છે. પરંતુ એ પ્રમુખની નિમણુંકને જે પ્રકારે મિડીયામાં મહત્ત્વ અપાયું તેનાથી સ્વાભાવિક કંઈક જુદો મેસેજ અનુભવાયો હોય તેવું સહજ લાગે એવું હતું. આ મુદા ઉપર અડવાણીજી અસહમતી વ્યક્ત કરે અને તેમનું દર્દ વ્યક્ત કરે તે સહજ વાત છે. પક્ષની આંતરિક વ્યવસ્થાની બાબતમાં કોઈની ડખલગીરી અશોભનીય છે અને દરેક રાજકીય પક્ષમાં નાના-મોટા વિચાર ભેદ સર્જાતા જ હોય છે. પરંતુ જે પક્ષ કેડરબેઝ હોય, શિસ્તનો આગ્રહી હોય, શિસ્ત અને સંસ્કારની ગાથાઓ વારંવાર જે પક્ષમાં ગવાતી હોય તે પક્ષમાં શિસ્ત અને વ્યવસ્થાના નામે જે ભાજગડો ઉભી થાય તે દુઃખદ છે અને પ્રજાને નિરાશ કરે છે. સામાન્યતઃ આ દેશની પ્રજા રાજકીય પક્ષોની વર્તણૂક અને વાણી-વિલાસથી ખુબ જ નારાજ છે. કમનસીબી એ વાતની છે કે દેશનો એક પણ રાજકીય પક્ષ સમગ્ર દેશમાં પોતાનો પ્રભાવ પાથરી શક્યો નથી. થોડી ઘણી આશા ભાજપ પાસે રખાતી હતી તેના હાલ પણ આ ભવાઈ જોઈને બેહાલ થઈ ગયા છે. શિસ્ત અને સંસ્કારની વાતોના લીરેલીરા ઉડી ગયા છે. કદાચ આગામી સમયમાં ઘીના ઠામમાં ઘી પડશે, કદાચ સમાધાન થઈ જશે. પરંતુ ભાજપને મોટું રાજકીય નુકસાન ચોક્કસ થશે એમાં બેમત નથી.

લાલકૃષ્ણ અડવાણીજીનું રાજીનામું કે નરેન્દ્ર મોદીના પ્રચાર સમિતિના અધ્યક્ષપદની વરણી પ્રજા માટે કસું સંબંધકર્તા નથી. પરંતુ પ્રજાની વિશ્વસનીયતા આ બધી ઘટનાઓએ ગુમાવી છે. કોણ ક્યારે જુઠ્ઠું બોલી શકે છે, કોણ ક્યારે વિશ્વાસઘાત કરી શકે છે, કોણ કોને છેતરી શકે છે. આજે એકની તરફેણમાં કાલે બીજાની તરફેણમાં નિવેદનો કરતાં વહેંતીયા રાજકારણીઓ પરથી પ્રજાનો વિશ્વાસ ઘટાતો જાય છે. ભાજપ પાસે આવી અપેક્ષા સ્વાભાવિક જ પ્રજાને નહોતી અને ભારતીય રાજનીતિમાંથી પ્રજાકિય શ્રદ્ધા ડગુમગુ થઈ ગઈ છે. જે ગઈકાલે કોંગ્રેસમાં બનતું હતું. જે સમાજવાદી અને સપા, બસપામાં બનતું હતું એ બધું જ હવે ભાજપમાં પણ બનતું જાય છે અને એટલે જ પ્રજા મૂંઝવણ અનુભવે છે. પ્રજા નિરાશ થઈ ગઈ છે. મોદી આવે કે અડવાણી જાય, મનમોહનસિંહ જાય કે રાહુલ આવે પ્રજાને ફેર નથી પડતો. પ્રજાને ફેર પડે છે રાજકારણમાં વધતાં જુદ્ધાણાંઓથી, ખોટા વાણી વિલાસથી અને અશોભનીય વર્તનથી.

# શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં ધમધમાટ

## છેલ્લા દોઢ-બે મહિનાથી સાવ સુના પડેલા શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓની કિલકારીઓ ગુંજી ઉઠી

ગાંધીનગર, તા. ૧૦

દોઢ બે મહિનાના લાંબા અંતરાલ બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. શાળાના પ્રાંગણ વિદ્યાર્થીઓની અવરજવરથી જીવંત ઉઠ્યા હતા. વિદ્યાર્થીઓને લેવા-મુકવા આવતા વાલીઓના વાહનો અને સ્કૂલવર્ધીના વાહનોની લાંબી કતાર શાળાની બહાર જોવા મળતી હતી. લાંબા વેકેશન બાદ ઉડતી સ્કૂલે માટે રડારોળ કરી મુકી હતી. ધો. ૧માં પ્રવેશેલા બાળકોના વાલીઓનો જમાવડો વધુ જોવા મળ્યો હતો.

વેકેશનમાં શું શું કર્યું, ક્યાં ક્યાં ફરી આવ્યા તેની ચર્ચા બાળકોમાં





બન્યા હતા. નવા સ્કૂલડ્રેસ અને દફતર લઈને ઉત્સાહભેર શાળામાં પ્રવેશતા વિદ્યાર્થીઓથી વાતાવરણ રંગીન બન્યું હતું.

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓ વિદ્યાર્થીઓના કિલકિલાટથી ગુંજી ઉઠી હતી. દોઢ-બે મહિનાથી સુના પડેલા શાળાના પ્રાંગણો ધમધમી વિદ્યાર્થીઓ એકદમ ખુશખુશાલ નજરે પડતા હતા. નવા યુનિફોર્મ, સ્કૂલબેગ સાથે પ્રથમ દિવસે શાળાએ પહોંચેલા બાળકોનો ઉત્સાહ જોવા જેવો હતો. ધો. ૧ માં પ્રવેશેલા નાના બાળકો નવો માહોલ જોઈ થોડાક ગભરાઈ ગયા હતા અને થોડીકવાર થતી જોવા મળતી હતી. બાળકો એકબીજાને નવી ચીજવસ્તુઓ અને એસેસરીઝ બતાવીને ખુશ થતા હતા. કેટલીક શાળાઓમાં આજથી જ શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હતું જ્યારે કેટલીક શાળાઓ આજે પહેલા દિવસે વહેલી છોડી મુકાઈ હતી.

# ગાંધીનગરમાં શિક્ષણ મેળવવા ધસારો નામાંકિત શાળાઓમાં પ્રવેશ હાઉસફુલ

## વાલીઓએ પ્રવેશ મેળવવા અગાઉથી જ કરેલુ આયોજન, વેકશન દરમ્યાન થયેલી પ્રવેશ કામગીરી

ગાંધીનગર, તા. ૧૦

રાજયભરમાં સોમવારથી શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રમાં પ્રથમથી જ પ્રવેશ કામગીરીની શરૂઆત થઈ છે. જેમાં રાજયના પાટનગર અને શિક્ષણ ક્ષેત્રના હબ ગણાતા ગાંધીનગરમાં બહારથી અભ્યાસ કરવા આવનારનો ધસારો જોવા મળ્યો છે. જોકે શહેરની નામાંકિત શાળાઓએ વેકેશન દરમ્યાન પણ પ્રવેશની કામગીરી ચાલુ રાખી હોવાથી આ શાળાઓમાં પ્રવેશ ફુલ થઈ જતાં પ્રવેશ હાલ મળી શકતો નથી. જેથી શહેરની અન્ય શાળાઓમાં પ્રવેશ મેળવવા વાલીઓ આમથી તેમ દોડાદોડી કરતાં પ્રથમ દિવસથી જ દેખાઈ રહ્યા છે.

શ્રેષ્ઠ શિક્ષણ પોતાના સંતાનને પ્રાપ્ત થાય તે દરેક મા બાપ અને વાલીની ઝંખના હોય છે. જેમાં રાજયભરમાં શિક્ષણ ક્ષેત્રે નામના મેળવી ચુકેલા ગાંધીનગરમાં શિક્ષણ મળે તેવું માબાપ ઈચ્છતા હોય છે. જેથી મા-બાપે કરેલા આગોતરા આયોજનમાં પોતાના સંતાનોના પ્રવેશ માટે તેઓએ વેકેશન દરમ્યાન જ પ્રવેશ કરાવી લઈ નિશ્ચિંત બની ગયા છે. તો બીજી તરફ પ્રવેશ મળી જ જશે તેવી આશાએ શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે આવેલા વાલીઓનું પ્રવેશ ફુલ થઈ જતાં નિરાશા સાંપડી છે.

વ્યાજબી ફી, રહેવા-જમવા અને ઉત્તમ સગવડો પૂરી પાડતી શહેરની પ્રચલિત શાળાઓમાં વધુ પડતો પ્રવેશ ધસારો જોવા મળ્યો હતો. જેમાં મેનેજમેન્ટ કાર્યકુશળતા અને શિક્ષણ બાબતે સહેજ પણ ચલાવી લેવાની વૃત્તિએ સારા પરિણામ પ્રાપ્ત કરતા આમ બન્યુ હોવાનું શિક્ષિત વાલીઓ જણાવી રહ્યા છે.

શહેરમાં પ્રથમ દિવસે જ સુમસાસમ ભાસતાં માર્ગો વિદ્યાર્થીઓની ચહેલપહલથી ગુંજી ઉઠ્યા હતા. અને શિક્ષણ નગરી તરીકેની શહેરની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. શાળાઓના ગણવેશ, અવનવી સ્કુલ બેગ, નવીનતમ સાયકલો સાથે શાળાઓના આંગણા વિદ્યાર્થીઓના આગમન સાથે જ સજીવન થઈ ઉઠ્યા હતા. શાળાઓના હૃદયસમા આ બાળકોના આગમનથી શિક્ષકવર્ગ પણ ઉત્સાહિત થઈ પોતાના કાર્યમાં જોડાઈને શિક્ષણ આપવા તત્પર બન્યા હતા.

# આર.જી. પટેલ એન્ડ એસ.બી. પટેલ સ્કૂલનું ૮૬.૦૮ ટકા પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની આર.જી. પટેલ એન્ડ એસ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલના ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું બીજા સેમિસ્ટરનું પરિણામ ૮૬.૦૪ ટકા આવ્યું છે. ૧૧૫ વિદ્યાર્થીઓમાંથી ૯૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાંથી એ-૨માં ૧, બી-૧માં ૩, બી-૩માં ૧૬, સી-૧માં ૨૬, સી-૨માં ૨૬ અને ડીમાં ૨૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સમગ્ર શાળામાં દર્મનિકા રાઠવા ગૃપ બીમાં પ્રથમ અને દિવ્યા મોરી ગૃપ એમાં પ્રથમ આવી છે.

શાળાની દર્મનિકા રાઠવાએ ૯૬.૦૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ, અસ્મિતા પરમારે ૯૩.૮૧ પર્સન્ટાઈલ સાથે દ્વિતીય અને આરતી દેસાઈએ ૯૦.૮૨ પર્સન્ટાઈલ સાથે ગૃપ બીમાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો છે જયારે ગૃપ એ માં પ્રથમ નંબર દિવ્યા મોરીએ ૯૩.૯૫ પર્સન્ટાઈલ, બીજો નંબર મયુરિકા ઓયતારે ૮૯.૭૫ પર્સન્ટાઈલ અને ત્રીજો નંબર હિતેશ્વરી ચાવડાએ ૮૨.૮૨ પર્સન્ટાઈલ સાથે તૃતીય નંબર મેળવ્યો છે. દરેક વિદ્યાર્થીમાંથી દર્મનિકા રાઠવા અંગ્રેજીમાં પ્રથમ, દર્મનિકા અને અસ્મિતાએ સંસ્કૃત વિષયમાં પ્રથમ, કમ્પ્યૂટરમાં દિવ્યા મોરી પ્રથમ, મેથ્સમાં મૈત્રી જોષી પ્રથમ, કેમેસ્ટ્રી દર્મનિકા અને દિવ્યા, ફિઝીકસમાં આરતી દેસાઈ અને બાયોલોજીમાં દર્મનિકા રાઠવા પ્રથમ આવી છે. શાળાની સફળ વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યા સુધાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં ૧ ૩મીથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય કક્ષાનો શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ- ૨૦૧૩ તા. ૧૩ થી ૧૫મી જુન, ૨૦૧૩ દરમ્યાન યોજાનાર છે. શાળા -વેશોત્સવના સુચારું આયોજન માટે જિલ્લા તંત્ર દ્વારા કુલ- ૩૨ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૮, માણસામાં ૫ અને કલોલમાં ૫ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. તમામ રૂટો પર આઈ.એ.એસ, આઈ.પી.એસ., આઈ.એફ.એસ, નિગમોના ચેરમેનશ્રીઓ, જિલ્લાના અધિકારીશ્રીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસથિત રહેવાના છે.

ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમ્યાન ગાંધીનગર તાલુકાની વિવિધ શાળાઓની મુલાકાત ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના ચીફ એજયુકેટીવ ઓફિસર શ્રી ડૉ. રજીંત બેનર્જી, ગુજરાત સ્ટેટ -ટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના મેનેજીંગ ડિરેકટર શ્રી તપન રે, નાણાં વિભાગ (ઈકોનોમિક અફેર) ના સચિવ શ્રી એસ. અર્પણા, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી બી.બી.સ્વૈન, ઈલેકટ્રોરલ ઓફિસર ઈન ધ ઓફિસ ઓફ ધ ચીફ ઈલેકટ્રોરલ ઓફિસર એડીશન ચીફ શ્રી સંજીવકુમાર, પીસીસીએફ એન્ડ એઓ એફ એફ શ્રી એસ. કે. ગોયલ, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી ઝવેરભાઈ ચાવડા અને હાઉસીંગ એન્ડ નિર્મળ ગુજરાત, અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસીંગ ડિર્પામેન્ટના સચિવ શ્રીમતી મોના. કે. ખંધાર ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી શ્રી રાજેશભાઈ વસાવા, લેશે.

દહેગામ તાલુકાની વિવિધ શાળાઓની મુલાકાત શિક્ષણ વિભાગ (-ાથિમક શિક્ષણ)ના અગ્ર સચિવ શ્રી સંગીતા સીંગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજીંગ ડિરેકટર શ્રી જે.એન. સીંગ, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી ઝવેરભાઈ ચાવડા, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલ, સ્ટેમ્પ ડ્યુટી, ગાંધીનગરના નાયબ કલેકટર શ્રી એમ.એન.મકવાણા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ગાંધીનગરના સિનિયર લેકચરર શ્રી સી.સી.પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગાંધીનગરના ટી.એસ.અંસારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એમ.એન. બેલાત, જિલ્લા ખેતી અધિકારી શ્રી કે. કે. પટેલ, હિસાબી અધિકારી, ગાંધીનગર શ્રી ડી.એસ.પટેલ, આસિસ્ટન્ટ કમિશનર ડ્રગર્સ શ્રી કે.કે. ગોસ્વામી, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. આર.આર. વૈધ, નાયબ બાગાયત નિયામક શ્રી જે.બી.ચૌધરી, જિલ્લા કવોલિટી એન્સ્યોરન્સ મેડિકલ ઓફિસર, ગાંધીનગર શ્રી દિપક ઠાકર, આર.સી.એચ ઓફિસર, ગાંધીનગર શ્રી આર.વી.પંડયા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ગાંધીનગરના સિનિયર લેકચરર શ્રી ઉર્મિલાબેન પંચાલ મુલાકાત લેશે.

કલોલ તાલુકાની વિવિધ શાળાઓના બાળકોને ત્રીજું રાજય નાણાં પંચ, ગાંધીનગરના સચિવ શ્રી દિના નાથ, નાયબ પોલીસ મહાનિરીક્ષક, વિભાગ-૫, અમદાવાદના શ્રી આર. બી. બ્રહમભટ્ટ, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલ, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, જિલ્લા નાયબ નિયામક બક્ષી પંચ, ગાંધીનગરના શ્રી નરેન્દ્ર ગુરુન્ગ, વાસ્મોના કાર્યપાલક ઈજનેર શ્રી એ.એચ.મલિક અને રજીસ્ટ્રાર સહકારી મંડળી, ગાંધીનગરના અધિકારી શ્રી એન.આઈ. પટેલ -વેશ કરાવશે.

માણસા તાલુકામાં ધોરણ-૧ અને આંગણવાડીઓના બાળકોને ગુજરાત વુમન ઈકોનોમીક ડેવલોપમેન્ટ કોર્પોરેશનના મેનેજીંગ ડિરેકટર શ્રીમતી અનુરાધા મલ્લ, ટ્રાયબલ ડેવલોપેમેન્ટના અગ્ર સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એન. કુંચારા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી એમ. એસ. ભોયા અને પંચાયત રોડ એન્ડ -ો પેટા વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી સી.કે.પંચાલ કંકુ તિલક કરીને -વેશ કરાવશે.

# ડીપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમો માટે આજથી પ્રવેશ કાર્યવાહી શરૂ

ધોરણ-૧૦ પછીના વિવિધ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ વર્ષ ૧૩-૧૪ માટેની ઓનલાઈન વેબ બેઈઝડ પ્રવેશ પ્રક્રિયા તારીખ ૧૧ જૂનથી શરૂ થશે. આ અંગેના પ્રવેશ માટેનું પ્રોસ્પેકટસ અને પીન પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત શાખાઓમાંથી ૧૧ થી ૨૨ જૂન ઉપલબ્ધ થશે. પ્રવેશ પ્રક્રિયા માટેની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી ૧૧ જૂનના સવારે ૧૧ કલાકથી ૨૩ જૂનના સાંજના ૧૬.00 કલાક સુધી ચાલશે.

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું વર્ષ ૨૦૧૩નું પરીણામ તા. ૧૩ જૂનના રોજ જાહેર થનાર હોઈ ઉમેદવારો તા. ૧૫ જૂનથી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. અન્ય પરીક્ષા બોર્ડ કે જેઓનું વર્ષ-૧૩નું ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયેલ છે તેઓ તથા ગુજરાત બોર્ડ તેમજ અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા વર્ષ-૧૩ પહેલા પાસ કરેલ છે તેઓ પ્રવેશ પ્રક્રીયામાં તા. ૧૧ જૂન થી ભાગ લઈ શકશે. પ્રવેશ વાંચ્છુક ઉમેદવારોને ઓનલાઈન રજિસ્ટ્રેશન તેમજ હેલ્પ સેન્ટર ખાતેની પ્રવેશ અંગેની કાર્યવાહીમાં મુશ્કેલી ન પડે અને સરળતાથી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકે તે આશયથી આ પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે.

વિગત વેબસાઈટ www.acpdc.in પરથી મળી શકશે.

# સ્ત્રી જ બને છે સ્ત્રીની દુશ્મન... આવું હંમેશાં કેમ થાય છે?

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

ઇન્ડિયન કલ્ચરમાં ઉછરેલો એક યુવાન દેશમાં લગ્ન કરીને કમાવા માટે વિદેશ જાય છે ત્યાંના વાતાવરણ અને સંસ્કૃતિથી એટલો પ્રભાવિત થાય છે કે હવે ઇન્ડિયન કલ્ચર પ્રત્યે તેને અરૂચિ જાગે છે. તેનામાં પરિવર્તન એટલે સુધી આવે છે કે હવે તેને ઇન્ડિયન પત્ની દેશી લાગે છે. પોતાની મમ્મીને જાણ કરે છે કે મમ્મી, વિદેશમાં આ પત્ની ન ચાલે, આ દેશી પત્નીને હાંકી કાઢો, મમ્મી દીકરાના પ્રસ્તાવને મંજુરી આપી વહુને છુટાછેટા આપવાની રમતો શરૂ કરે છે, પોતાની દીકરી તેના પડખે રહે છે. દીકરી ભુલી જાય છે કે હું પણ કોઇનાં ઘરની વહુ છું અને મા-દીકરી ભેગા મળી વહુને ગળે - ટુંપો દઇ મારી નાખવાની કોશિશ કરે એટલું જ નહિ તેને માનસિક ત્રાસ આપવા મંત્ર-તંત્ર, તાંત્રિક અને ભુવાનો સહારો લે. ભુવો વડગાડ દૂર કરવાના બહાને વહુને પેટ પર લાતો મારે, તેને ઉલ્ટી કરાવે આ બધી માનસિક યાતનાઓ એક સ્ત્રી દ્વારા બીજી સ્ત્રીને જીવતી સળગાવે ત્યારે પ્રશ્ન એ થાય છે કે આ નાજુક અને ઋજુ સ્વભાવની લાગણીપ્રધાન નારી આવી ક્રૂર કેવી રીતે બની શકે?

ગાંધીનગરની જ અગાઉની એક ઘટના કાળજું કંપાવનારી હતી એક વહુ સાસુમાનો કાંટો દૂર કરવા ગેસનો વાલ્વ ખોલી ઘરની બહાર નીકળી જાય અને સાસુને જીવતી સળગાવવાનો પ્લાન કરે ત્યારે પ્રશ્ન થાય કે આવી ઘાતકી હત્યા કરવા માટે કરૂણામૂર્તિ નારીને આવો વિચાર કઇ રીતે આવે? ડગલે ને પગલે સમાજમાં બનતી આવી દુર્ઘટનાઓના પાયામાં નારીત્વ સંડોવાયેલું હોય... અક્સર આવું કેમ થાય છે?

સામાન્ય રીતે સમર્પણ, ત્યાગ, સહનશીલતા અને લાગણીમાં પુરૂષો કરતાં સ્ત્રી હંમેશા સર્વોપરિ સાબિત થઇ છે. આટલી બધી સંવેદનશીલ નારી બીજી નારી સાથેનાં વ્યવહારમાં કેમ આક્રમક બને છે? તે સંશોધનનો વિષય નથી? ફેમીલી કોર્ટમાં દાખલ થતા કેસોનું તારણ એટલું જ છે કૌટુંબિક ઝઘડામાં, ઘરેલું હિંસામાં કેસોનાં પાયારૂપ સ્ત્રી જ હોય છે. કુટુંબમાં સાસુ-વહુનાં સંબંધો, નણંદ - ભાભીના સંબંધો દેરાણી - જેઠાણીના સંબંધો હંમેશા ચર્ચાસ્પદ રહ્યા છે. છુટાછેડાના પ્રત્યેક કિસ્સામાં સાસુ-નણંદની ભૂમિકા હોય છે જ. આવું અક્સર કેમ બને છે?

સ્ત્રી જેને પોતાનો અધિકાર માને છે એ અધિકાર પર કોઇ તરાપ મારે ત્યારે તે છંછેડાઇ જાય છે. પછી તે નારીત્વના તમામ લક્ષણો બાજુ પર મુકી સમય આવે ક્રૂર પર બની શકે છે. પોતાની મમત કે જીદ સંતોષવા તે ગમે તે હદે જવા તૈયાર થાય છે. નહિતર દીકરા માટે વહાલ વરસાવતી સાસુ પુત્રવધુ સાથે કેમ સુમેળ નથી સાધી શકતી? અથવા પિયરમાં સૌની લાડકી બનીને રહેતી દીકરી સાસુ સામે કેમ ભવા ચઢાવે છે? વહુ જેઠાણી બને પછી તેના સ્વભાવમાં અને વર્તનમાં કેમ પરિવર્તન આવે છે? પુરૂષના બધા જ દુર્ગુણો માપ કરતી નારી અન્ય નારી સાથે સમન્વય સાધવામાં કેમ અસફળ નીવડે છે? એક સ્ત્રી બીજી સ્ત્રીના જીવતા શરીરને આગ ચાંપવાની હિંમત કેવી રીતે કરી શકે? સમાજમાં સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન કેમ બને છે? આ પરંપરાથી સેલિબ્રીટીઓ પણ બાકાત નથી રહી શકતી. ઇન્દિરા ગાંધી દેશમાં 'અમ્મા' બની શકે છે. પણ પુત્ર વધુ મેનકા પર વહાલ નથી વરસાવી શકતા અને અડદી રાત્રે મેનકાએ ઘર છોડવા મજબુર કરે આ કેવી લાગણીશીલતા? લેડી ડાયેના અને સાસુ મહારાણી વિકટોરીયા વચ્ચેના સંબંધોમાં કાયમ આગ ઝરતી કારણ કે તે સાસુ-વહુ હતા. રવિન્દ્રનાથ ટાગોરનો ભાભી સાથે આત્મિય સંબંધ હતો. રવિન્દ્રનાથે લગ્ન કર્યાં એટલે ભાભીએ આત્મહત્યા કરી. પોતે જ જેને પ્રેમ કરે છે તેને કોઇ છીનવી લે તે સહન ન થયું? રશિયાના પૂર્વ પ્રમુખ વ્લાદિમીર પુટીનની ૩૦ વર્ષની જીમ્નાસ્ટ સાથે પ્રેમ થયો અને એ પ્રેમપ્રકરણને કારણે ૬૦ વર્ષની વયે પણ પત્ની ૩૦ વર્ષનાં લગ્ન જીવનનો ત્યાગ કરી પતિને છૂટાછેડા આપી દે. દામ્પત્ય જીવનમાં બીજી સ્ત્રીઓ પ્રવેશ સહન ન થઇ શકયો...? એ સનાતન સત્ય છે કે પતિની મારઝુડ સહન કરી લગ્નજીવનની ભાવતી નારી પતિના લગ્નેતર સંબંધોને કયારેક માન્યતા આપતી નથી. પોતાનો પતિ પોતાનો જ થઇને રહે બીજું કોઇ તેના પર અધિકાર ન જમાવી શકે. આજ માનસિકતા સાસુ-વહુના સંબંધોમાં કામ કરે છે. જે દીકરાને લાડકોડથી ઉછેર્યો હોય તે દીકરાના જીવનમાં તેની પત્નિનો પ્રવેશ થાય ત્યારે માતાને પોતાનો પુત્ર છીનવાતો લાગે છે. પરિણામે તે પુત્રવધુ પર શરૂઆતથી ખફા રહે છે. એક પત્ની જે પતિની અર્ધાંગિની બની જીવન ગુજારવા માગતી હોય તેની વચ્ચે સાસુ આડખીલી રૂપ બની રહે છ તેમ લાગતાં તે સાસુ પર યેનકેન પ્રકારે પોતાનો રોષ ઠાલવે છે. તેમાંથી સર્જાય છે. સંઘર્ષ - જેઠાણી પોતે એવું માને છે કે આ ઘરમાં સાસુ પછી મારૂં સ્થાન છે પણ નવી વહુનો પ્રવેશ થતાં તેને પોતાનું ઇન્દ્રાસન ડોલતું દેખાય એટલે આ નારાજગી નવી આવેલી વહુ પર ઉતરે છે. નણંદને લાગે છે કે ભાભીના આવ્યા પછી ભાઈ-ભાભીનો બની ગયો છે માટે ભાભી પ્રત્યેનો છુપો દ્વેષભાવ જબાન પર ઉતરે છે તેમાંથી નણંદ-ભાભીના સંબંધો વણસે છે. આ છુપી નારાજગી કોઇ પણ સ્વરૂપે પ્રગટે છે.

નારીને નારાયણી કહી છે તેની સહનશીલતાની બરાબરી પુરૂષો કયારેય ન કરી શકે. પણ છતાં પોતાનો અહમ્ ઘવાય કે પોતાનો અધિકાર પર તરાપ આવે અથવા પોતાનો પ્રેમ છીનવાયો લખે ત્યારે તે આક્રમક બને છે અને આ આક્રમકતા આરપારની હોય છે.